LUPIN

# સૂચના માર્ગદર્શિકા



# ઇલુપીહેલર
# (સ્માર્ટ ડ્રાય પાવડર ઇન્હેલર)

**લ્યુપિન લિમિટેડ**

**મુંબઇ**

# અનુક્રમણિકા

ઇલુપીહેલર વિશે ....................................................3
ઇલુપીહેલર તમારા માટે શા માટે મહત્ત્વપૂર્ણ છે? ....................3
ઇલુપીહેલર સારવારના પાલનમાં સુધારો કરવામાં કેવી રીતે મદદ કરે છે? ....................................................3
ઇલુપીહેલર શ્વસન સંબંધી તકલીફોમાં સુધારો કરવામાં કેવી રીતે મદદ કરે છે? ....................................................3
ઇલુપીહેલરના ઘટકો ....................................................4
ELUPIHALER અનબૉક્સિંગ ....................................................5
મોબાઇલ એપ્લિકેશન સાથે કનેક્ટ કરવું ....................................................12
ઉપકરણ ચાલુ કરવું ....................................................17
દવા સમયપત્રક વ્યવસ્થાપન ....................................................18
ઇલુપીહેલર વડે દવા કેવી રીતે લેવી ....................................................21
સંભાળ રાખનારને ઉમેરવું ....................................................27
સંભાળ રાખનાર માટેની પ્રક્રિયા ....................................................29
બેટરી લાઇફ ....................................................34
સલામતીની સાવચેતીઓ ....................................................34
વપરાયેલ પ્રતીકો ....................................................35
ચેતવણીઓ ....................................................35
મહત્ત્વપૂર્ણ નોંધ ....................................................36

## ઇલુપીહેલર વિશે

- ઇલુપીહેલર એક સ્માર્ટ, બ્લૂટૂથ-સક્ષમ ડ્રાય પાવડર ઇન્હેલર છે.
- ઇન્હેલર તમે દવા લો તે તારીખ અને સમય, તેમજ તમારી શ્વાસ લેવાની તકનીક – તમે કેટલો ઊંડો અને કેટલા સમય સુધી શ્વાસ અંદર લો છો – રેકોર્ડ કરે છે.
- એન્ડ્રોઇડ ઓએસ (OS) વર્ઝન 7.0 અને તેથી ઉપરના તથા એપલ આઇઓએસ (iOS) 16.0 (આઇફોન 12 અને તેથી ઉપરના મોડેલ) સાથે સુસંગત મોબાઇલ એપ દ્વારા તમે સમીક્ષા માટે રેકોર્ડિંગ્સ તમારા સ્માર્ટફોનમાં ટ્રાન્સફર કરી શકો છો. તમે તમારા સંભાળ રાખનાર અને ડૉક્ટરને પણ આ માહિતીનું મૂલ્યાંકન કરવાની મંજૂરી આપી શકો છો.
- ઉપયોગ દરમિયાન ઉપકરણ પરની બે એલઇડી (LED) દ્વારા દૃશ્ય સંકેતો આપવામાં આવે છે. તે તમને ઇન્હેલેશનના યોગ્ય ક્રમ વિશે માર્ગદર્શન આપે છે.
- ઇલુપીહેલર મોબાઇલ એપ વડે તમે દૈનિક ડોઝ રિમાઇન્ડર મેળવી શકો છો, જે તમને તમારા ડૉક્ટરે સૂચવ્યા મુજબ દવા લેવામાં મદદરૂપ થાય છે.
- તમારા વર્તમાન સ્થાનના આધારે, હવા ગુણવત્તા સૂચકાંક, પવનની ગતિ અને તાપમાન અંગેની રીઅલ-ટાઇમ માહિતી મોબાઇલ એપ પર દર્શાવવામાં આવે છે, જે તમને તાત્કાલિક રાહત આપતી દવા સાથે તૈયાર રહેવામાં મદદ કરી શકે છે.
- મોબાઇલ એપ દૈનિક/સાપ્તાહિક અથવા માસિક ધોરણે સંપૂર્ણ ઉપયોગ રિપોર્ટ આપે છે, જેથી તમે તમારા ડીપીઆઇ (DPI) ના ઉપયોગ પર નજર રાખી શકો.

## ઇલુપીહેલર તમારા માટે શા માટે મહત્ત્વપૂર્ણ છે?

- ઇલુપીહેલર સાથે તમારી સારવાર નિયમિતપણે ચાલુ રાખવી સરળ બને છે, જેથી તમને સમયસર રાહત મળે છે.
- સારવારનું વધુ સારી રીતે પાલન કરવાથી રોગ આગળ વધતો પણ અટકી શકે છે અને તમારા જીવનની ગુણવત્તા સુધારવામાં મદદ મળી શકે છે.

## ઇલુપીહેલર સારવારના પાલનમાં સુધારો કરવામાં કેવી રીતે મદદ કરે છે?

- ઇલુપીહેલર એપ તમારા ડૉક્ટરે સૂચવેલી ડોઝની આવૃત્તિ (દિવસમાં એક વાર/બે વાર વગેરે) મુજબ સમયસર ડીપીઆઇ (DPI) લેવા માટે રિમાઇન્ડર/નોટિફિકેશન આપે છે.
- ઇલુપીહેલર એપ તમારા હાલના ડીપીઆઇ (DPI) ઉપકરણમાંથી લેવાયેલા ડોઝની સંખ્યા દર્શાવે છે.

## ઇલુપીહેલર શ્વસન સંબંધી તકલીફોમાં સુધારો કરવામાં કેવી રીતે મદદ કરે છે?

- ઇન્હેલેશન ડેટા કેપ્ચર અને સંગ્રહિત કરવામાં આવે છે અને પછી ઇન્હેલેશનની ગુણવત્તા માપવા માટે મોબાઇલ એપમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. કલર કોડ, વર્ણનાત્મક લખાણ અને ગ્રાફ દ્વારા મોબાઇલ એપ્લિકેશન એવા રિપોર્ટ તૈયાર કરે છે, જે વપરાશકર્તાને ઇન્હેલેશન તકનીક સમજવામાં અને સુધારવામાં મદદ કરે છે અને એ રીતે દવાની અસરકારકતામાં સુધારો થવાની સંભાવના વધે છે.

## ઇલુપીહેલરના ઘટકો


PROTECTIVE CAP
POWER
INDICATOR LED
ACTUATOR
ELECTRONIC
ASSEMBLY
BATTERY
ACTIVATOR
DPI CAPSULE GOES
HERA

# ELUPIHALER અનબૉક્સિંગ




- બોક્સને સીધું રાખો અને વચ્ચેમાંથી ઉપકરણને કાળજીપૂર્વક બહાર કાઢો.

- eLupihaler એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે ડાબી બાજુના QR કોડને સ્કેન કરો.



## ઇલુપીહેલર સેટઅપ

- પહેલી વાર ખોલતી વખતે ઇલુપીહેલરની સ્વાગત સ્ક્રીન શરૂ થવામાં થોડી સેકન્ડ લાગે છે.




- ઉપકરણને ડેટાની આપ-લે કરવા માટે બ્લૂટૂથ પરવાનગીઓ જરૂરી હોવાથી ચાલુ રાખો પર ક્લિક કરો.
- તમારા વર્તમાન સ્થાનના સચોટ હવા ગુણવત્તા પરિમાણો પ્રદાન કરવા માટે સ્થાન ઍક્સેસ જરૂરી છે.



- બધી સૂચનાઓ વાંચી લીધા પછી, કૃપા કરીને હું સમજું છું અને ચાલુ રાખું છું બટન પર ક્લિક કરો.




- કૃપા કરીને તમારો મોબાઇલ નંબર દાખલ કરો અને નિયમો અને શરતો વાંચીને તેની સાથે સંમત થયા પછી ચેકબોક્સ પર ક્લિક કરો.



- એસએમએસ (SMS) માં મળેલો ઓટીપી (OTP) દાખલ કરો અને સબમિટ કરો બટન પર ક્લિક કરો અથવા જો તમને ઓટીપી (OTP) ન મળ્યો હોય, તો ઓટીપી (OTP) ફરીથી મોકલો દ્વારા ફરીથી વિનંતી કરો (60 સેકન્ડના કાઉન્ટડાઉન પછી).




- ભવિષ્યમાં એપ્લિકેશનના ઍક્સેસ માટે અને તેને અનધિકૃત ઉપયોગથી સુરક્ષિત રાખવા માટે, તમે 4-અંકનો MPIN સેટ કરી શકો છો અથવા બાયોમેટ્રિક પ્રમાણીકરણ સક્ષમ કરી શકો છો.






- જો તમે MPIN વિકલ્પ પસંદ કર્યો હોય, તો 4 અંકનો MPIN સેટ કરો અને તેની પુષ્ટિ કરો




- ઇલુપીહેલર માટે બાયોમેટ્રિક પ્રમાણીકરણ (જે ઉપકરણ સ્તરે કન્ફિગર કરેલું હોય) ના ઉપયોગની પુષ્ટિ કરો અથવા તેને અધિકૃત કરો.

- કૃપા કરીને તમારી ભૂમિકા દર્દી અથવા સંભાળ રાખનાર તરીકે પસંદ કરો.
- દર્દી ભૂમિકા માટે, આગળ વધવા માટે > બટન પર ક્લિક કરો.
- સંભાળ રાખનાર ભૂમિકા માટે સંભાળ **રાખનાર માટેની** પ્રક્રિયા વિભાગ જુઓ.




- કૃપા કરીને તમારી પસંદગીની પુષ્ટિ કરો.



- તમારી મૂળભૂત પ્રોફાઇલ વિગતો મેનેજ કરવા માટે ચાલુ રાખો (> બટન) પર ક્લિક કરો.




- કૃપા કરીને નામ, લિંગ વગેરે જેવી મૂળભૂત વિગતો ભરીને તમારી પ્રોફાઇલ પૂર્ણ કરો.



## મોબાઇલ એપ્લિકેશન સાથે કનેક્ટ કરવું

હવે પછીની સ્ક્રીન તમને ઇલુપીહેલરને પહેલી વાર મોબાઇલ એપ્લિકેશન સાથે કનેક્ટ કરવા માટે માર્ગદર્શન આપશે.

- બોક્સને સીધું પકડી રાખો અને ઉપરની બાજુથી ઉપકરણને કાળજીપૂર્વક બોક્સમાંથી બહાર કાઢો.




- બતાવ્યા પ્રમાણે ટ્રેમાંથી ઇન્હેલરને કાળજીપૂર્વક દૂર કરો.



- ઉપકરણનો ઉપયોગ કરતી વખતે ઇન્હેલરને એ રીતે પકડો કે પાવર-ઇન્ડિકેટર એલઇડી (LED) તમારી તરફ રહે.




- ઉપકરણની બેટરી ચાલુ કરો – ઉપકરણને સહેજ ત્રાંસુ કરો અને બટન કવરને હળવેથી ત્યાં સુધી દબાવો, જ્યાં સુધી તે ક્લિક થઈને મુખ્ય ઉપકરણમાં મજબૂત રીતે બેસી ન જાય.



- ઉપકરણ ચાલુ થયા પછી, તે પેર ન થાય ત્યાં સુધી વાદળી એલઇડી (LED) દર 2 સેકન્ડે ઝબકતી રહે છે.




- હવે ઉપકરણ કનેક્ટ કરો પર ક્લિક કરીને બ્લૂટૂથ દ્વારા ઉપકરણ સાથે કનેક્ટ કરો.



- ઇલુપીહેલર ઉપકરણો શોધવા માટે ઉપકરણો માટે સ્કેન કરો પર ક્લિક કરો.




- ઉપકરણ સાથે કનેક્ટ/પેર કરવા માટે, સ્કેન થયેલાં ઇલુપીહેલર ઉપકરણોની યાદીમાંથી સંબંધિત ઉપકરણ પર ક્લિક કરો.
- જો તમારું ઉપકરણ યાદીમાં દેખાતું ન હોય, તો તમારા ઉપકરણ પર વાદળી લાઇટ ઝબકે છે કે નહીં તે તપાસો. જો તમને કોઈ વાદળી લાઇટ ન દેખાય, તો કૃપા કરીને ઉપકરણ ચાલુ કરવું વિભાગ જુઓ.



- ઉપકરણ સફળતાપૂર્વક પેર થઈ જાય પછી, તમને સ્ક્રીન પર પુષ્ટિ મળશે, જેમાં ઉપકરણ સંબંધિત બધી વિગતો દર્શાવેલી હશે.
- ઉપકરણનું સેટઅપ હવે પૂર્ણ થઈ ગયું છે અને તમે તમારી દવાનું સમયપત્રક મેનેજ કરવા માટે તૈયાર છો.



## ઉપકરણ ચાલુ કરવું

પ્રારંભિક સેટઅપ પ્રક્રિયા દરમિયાન તમે કનેક્ટ ન કરી શક્યા હો, તો હવે પછીની સ્ક્રીન તમને ઉપકરણને મોબાઇલ એપ્લિકેશન સાથે કનેક્ટ કરવા માટે માર્ગદર્શન આપશે.

- ઉપકરણો માટે સ્કેન કરતી વખતે, જો એપ્લિકેશન કોઈ પણ ઇલુપીહેલર ઉપકરણ યાદીમાં બતાવી ⓘન શકે, તો ફરીથી સ્કેન કરો પર ક્લિક કરતાં પહેલાં આઇકન પર ક્લિક કરો.




- આ પ્રક્રિયામાં માર્ગદર્શન આપવા માટે તમને મદદ સ્ક્રીનનું પોપઅપ દેખાશે.



## દવા સમયપત્રક વ્યવસ્થાપન

તમે પ્રિસ્ક્રિપ્શન મુજબ દવા અને તેનું સમયપત્રક ઉમેરી શકશો અથવા તેમાં ફેરફાર કરી શકશો.

## દવા ઉમેરો.

- તમારી દવાઓ ઉમેરવાનું શરૂ કરો.




- તમે કોઈ ચોક્કસ દવા શોધી શકો છો અને યાદીમાં દર્શાવેલી દવાઓની બાજુમાં આવેલા > બટન પર ક્લિક કરીને દવાની વધારાની વિગતો જોઈ શકો છો.



- તમે તમારા પ્રિસ્ક્રિપ્શન મુજબ ડોઝની માહિતી સાથે સવાર, બપોર અથવા સાંજ પસંદ કરી શકો છો.







- જો તમારે (તમારા પ્રિસ્ક્રિપ્શન મુજબ) વધુ દવાઓ ઉમેરવાની હોય, તો ડીપીઆઇ (DPI) ઉમેરો પર ક્લિક કરો.
- જો તમે તમારી દવા પ્રોફાઇલ પૂર્ણ કરી લીધી હોય, તો ના, મારી પાસે બીજું કોઈ ડીપીઆઇ (DPI) નથી પર ક્લિક કરો.

- દવાના સમયપત્રક અંગે એલર્ટ/રિમાઇન્ડર મેળવવા માટે તમે એપમાં રિમાઇન્ડર પણ સેટ કરી શકો છો.




- તમારી પ્રોફાઇલમાં બધી દવાઓ સેવ થઈ જાય પછી, ચાલો આગળ વધીએ પર ક્લિક કરો



## ઇલુપીહેલર વડે દવા કેવી રીતે લેવી

ઉપકરણ સાથે સફળતાપૂર્વક કનેક્ટ થયા પછી, તમે નીચે આપેલાં પગલાં અનુસરીને મોબાઇલ એપ્લિકેશન સાથે અથવા તેના વિના ઇન્હેલરનો ઉપયોગ કરી શકો છો.

- ઇન્હેલર પરથી રક્ષણાત્મક કેપ કાઢી નાખો અને ઇન્હેલરને એ રીતે પકડો કે પાવર ઇન્ડિકેટર અથવા એલઇડી (LED) તમારી તરફ રહે.



- ઇન્હેલરના પાયાને મજબૂતીથી પકડી રાખો અને માઉથપીસને તીરની દિશામાં ફેરવીને ઇન્હેલર ખોલો.



- એક કેપ્સ્યુલ લો અને તેને ઇન્હેલરના કેપ્સ્યુલ ચેમ્બરમાં મૂકો.
- કેપ્સ્યુલ સંપૂર્ણપણે કેપ્સ્યુલ ચેમ્બરની અંદર છે કે નહીં તે તપાસો.
- જો ન હોય, તો કેપ્સ્યુલને યોગ્ય રીતે અંદર મૂકો.



- માઉથપીસને બંધ સ્થિતિમાં પાછું ફેરવીને ઇન્હેલર બંધ કરો.



- ઇન્હેલરને સીધું રાખો (માઉથપીસ ઉપરની તરફ રાખીને), અંગૂઠા અને તર્જની વચ્ચે પુશ બટનો પકડી રાખો. ઇન્હેલરને એ રીતે પકડો કે પાવર ઇન્ડિકેટર અથવા એલઇડી (LED) તમારી તરફ રહે.
- બંને આંગળીઓ વડે એકસાથે આ બટનોને ઝડપથી અને મજબૂતીથી એક વાર દબાવો. કેપ્સ્યુલ હવે સરખી રીતે પંચર થયેલ છે.



- ઉપકરણ પરની બંને એલઇડી (LED) ધીમે ધીમે ઝબકવા લાગે છે. આ તબક્કે, જો તમારી પાસે મોબાઇલ ફોન હાથવગો હોય, તો રીઅલ-ટાઇમ ઇન્હેલેશન ટ્રેકિંગ માટે તમે ઉપકરણને સ્કેન કરીને પેર કરી શકો છો.
- આ સંકેત દર્શાવે છે કે ઇન્હેલેશનની તૈયારીરૂપે તમારે ફેફસાં ખાલી કરવાનાં છે.
- ઉપકરણને તમારા મોંથી થોડે દૂર રાખો અને એલઇડી (LED) ઝબકતી જોતાં જોતાં ધીમેથી શ્વાસ બહાર કાઢો અને ફેફસાં ખાલી કરો.



- ફેફસાં ખાલી થઈ જાય પછી, ઇન્હેલરને તમારા મોં પાસે લાવો અને તેને આડું પકડી રાખો.
- તમારા માથાને થોડું પાછળ નમાવો.
- ઇન્હેલરના માઉથપીસને સંપૂર્ણપણે તમારા મોંમાં, તમારા દાંત પાછળ અને તમારી જીભ પર દાખલ કરો.
- માઉથપીસની આસપાસ તમારા હોઠને ચુસ્તપણે બંધ કરો.
- શક્ય તેટલો ઊંડો શ્વાસ ઝડપથી પણ સ્થિર રીતે અંદર લો.
- જો ઇન્હેલર યોગ્ય રીતે કાર્ય કરી રહ્યું હોય તો તે એક ખડખડાટ અવાજ કરે છે, કારણ કે કેપ્સ્યુલ પાવડરને વિખેરવા માટે ચેમ્બરમાં ફરે છે.



- તમારા મોંમાંથી ઇન્હેલર કાઢો. લગભગ 5-10 સેકન્ડ સુધી શ્વાસ રોકી રાખો, જેથી તમારાં ફેફસાં દવા શોષી શકે. ધીમેથી શ્વાસ બહાર કાઢો. ઇન્હેલર ખોલો અને તપાસો કે કેપ્સ્યુલ ખાલી છે કે નહીં; જો ખાલી ન હોય, તો ઇન્હેલેશન ફરીથી કરો.



- ઇન્હેલેશન પૂર્ણ થયા પછી, પાણીથી કોગળા કરો; પાણી ગળશો નહીં. ઇન્હેલર ખોલો અને ખાલી કેપ્સ્યુલ બહાર કાઢો. ઇન્હેલર પર રક્ષણાત્મક કેપ પાછી લગાવો.



- ડેટા સિંક કરવો:
  - તમારા મોબાઇલ પરની ઇલુપીહેલર એપ્લિકેશન સાથે કનેક્ટ હોય ત્યારે ઇન્હેલર આપમેળે ડેટા સિંક કરે છે.

- ઇન્હેલર સાફ કરવું:
  - તમારા ઇલુપીહેલરના કોઈ પણ ભાગને ધોશો નહીં કે પાણીમાં નાખશો નહીં. ઇલુપીહેલરમાં પાવડર હોય છે અને તેને હંમેશાં સ્વચ્છ અને સૂકું રાખવું જોઈએ.
  - જો માઉથપીસને સાફ કરવાની જરૂર હોય, તો તેને સૂકા કપડા અથવા ટીશ્યુથી હળવેથી સાફ કરો.



## ઇન્હેલેશન રિપોર્ટ્સ જોવા

ઉપકરણ દ્વારા એકત્રિત કરાયેલ તમારો ઇન્હેલેશન ડેટા મોબાઇલ એપ્લિકેશનમાં સંગ્રહિત થાય છે અને એપ્લિકેશનના બહુવિધ વિભાગોમાં પ્રદર્શિત થાય છે. આ સૂચનાઓ તમને એવા રિપોર્ટ શોધવા, જોવા અને જનરેટ કરવામાં મદદ કરશે, જે પીડીએફ (PDF) ફોર્મેટમાં અન્ય લોકો સાથે શેર કરી શકાય છે.

- તમારી હોમ સ્ક્રીન પર, દવા પાલન ઇતિહાસ બહુવિધ વિભાગોમાં પ્રદર્શિત થાય છે.
- દવા પાલનને આંકડાકીય વિગતો સાથે ગ્રાફિકલ (ફ્યુઅલ ગેજ) ફોર્મેટમાં દર્શાવવામાં આવે છે.




- દવા પાલનને ચૂકી ગયા, સમયસર અને આગામી સૂચકો સાથે કેલેન્ડર ફોર્મેટમાં પણ જોઈ શકાય છે.



* રિપોર્ટ બટન પર ક્લિક કરવાથી દવાનો ઇતિહાસ યાદી સ્વરૂપે દેખાય છે.
* ઇન્હેલેશન ડેટાની વિગતો જોવા માટે તમે સંબંધિત રિપોર્ટ બટન પર ક્લિક કરી શકો છો.




* ઇન્હેલેશન ડેટા પ્રવાહ દર વિરુદ્ધ સમય ગ્રાફ તરીકે દર્શાવવામાં આવે છે, જે તમને તમારી શ્વાસ લેવાની તકનીકનું વિશ્લેષણ કરવામાં અને તેને ભલામણ કરેલી તકનીક સાથે સરખાવવામાં મદદ કરે છે.
* રિપોર્ટમાં પ્રવાહ દર, અવધિ અને એકંદર પરિણામનું ગુણાત્મક રેટિંગ પણ દર્શાવવામાં આવશે, તેમજ અસરકારકતા સુધારવા માટેનાં સૂચનો પણ આપવામાં આવશે.



## સારવાર પદ્ધતિમાં ફેરફાર કરો.




- સારવાર પદ્ધતિમાં ફેરફાર કરવા માટે, તમારી પ્રોફાઇલમાંથી દવા પર ક્લિક કરો.

  નોંધ: જો તમે નવી દવા ઉમેરી રહ્યા હો, તો દવા ઉમેરો પ્રક્રિયા જુઓ.




- તમે સવાર, બપોર, સાંજ પર ક્લિક કરીને સમયપત્રકમાં ફેરફાર કરી શકો છો.
- તમે દરેક સમયપત્રક માટે ડોઝ (એક અથવા એકથી વધુ) પણ સેટ કરી શકો છો.

## સંભાળ રાખનારને ઉમેરવું

એપ્લિકેશન તમને તમારી પ્રોફાઇલમાં સંભાળ પ્રદાતા અથવા પરિવારના કોઈ સભ્યને સંભાળ રાખનાર ભૂમિકામાં ઉમેરવાની સુવિધા આપે છે. તેમને ઉમેરવા માટે ફક્ત આ પગલાં અનુસરો. તમારા સ્વાસ્થ્યને ટેકો આપવા માટે તેઓ તમારા દવાના રેકોર્ડ/ઇતિહાસનું નિરીક્ષણ કરી શકશે.

- હોમ સ્ક્રીનના નીચેના ભાગમાં તમને સંભાળ રાખનાર વિભાગ દેખાશે. સંભાળ રાખનારને ઉમેરવા માટે, કૃપા કરીને સંભાળ રાખનાર ઉમેરો બટન પર ક્લિક કરો.




- વિનંતી શરૂ કરવા માટે તમને સંભાળ રાખનારનો મોબાઇલ નંબર આપવાનું કહેવામાં આવશે.



- તમે સંભાળ રાખનારાઓ વિભાગમાં વિનંતીની સ્થિતિ પર નજર રાખી શકશો.




- એકવાર વિનંતી સફળતાપૂર્વક મંજૂર થઈ જાય, પછી તમે સંભાળ રાખનારની વિગતો જોશો.
- તમે તમારી જરૂરિયાતો અનુસાર એક અથવા વધુ સંભાળ રાખનારાઓ ઉમેરી શકશો.
- તમે ડિલીટ બટન પર ક્લિક કરીને કોઈ ચોક્કસ સંભાળ રાખનારને કાઢી નાખી શકો છો અથવા તેમની સાથેનું જોડાણ દૂર કરી શકો છો.



## સંભાળ રાખનાર માટેની પ્રક્રિયા

જો તમે ઓનબોર્ડિંગ દરમિયાન સંભાળ રાખનાર ભૂમિકા પસંદ કરી હોય, તો પ્રક્રિયા સમજવા માટે આ પગલાં અનુસરો.

- કૃપા કરીને તમારી ભૂમિકા દર્દી અથવા સંભાળ રાખનાર તરીકે પસંદ કરો.
- સંભાળ રાખનાર ભૂમિકા માટે સંભાળ રાખનાર માટેની પ્રક્રિયા વિભાગ જુઓ




- સંભાળ રાખનાર તરીકે તમારી પસંદગીની પુષ્ટિ કરો.



- તમારી મૂળભૂત પ્રોફાઇલ વિગતો મેનેજ કરવા માટે ચાલુ રાખો (> બટન) પર ક્લિક કરો.




- કૃપા કરીને તમારું નામ આપીને તમારી પ્રોફાઇલ પૂર્ણ કરો.



- સંભાળ રાખનાર ભૂમિકા હેઠળ સફળ નોંધણી પછી, તમને એવી સ્ક્રીન પર લઈ જવામાં આવશે, જેમાં તમને સંભાળ રાખનાર તરીકે ઉમેરનાર તમામ વ્યક્તિઓની યાદી હશે.
- તમે દરેક વિનંતીને અલગ-અલગ મંજૂર અથવા અસ્વીકાર કરી શકશો.




- વિનંતી મંજૂર થયા પછી, > બટન પર ક્લિક કરીને તમે પસંદ કરેલી વ્યક્તિઓની દવા અને દવાના ઇતિહાસની વિગતો જોઈ શકશો.



- દર્દીના રેકોર્ડ પર ક્લિક કરવાથી, તમને દર્દી વ્યૂ સ્ક્રીન પર લઈ જવામાં આવશે.




- દર્દી સાથે સંકળાયેલા કેટલાક આંકડા જોવા માટે નીચે સ્ક્રોલ કરો.



- પસંદ કરેલા દર્દીઓ માટે માસિક કેલેન્ડર વ્યૂમાં દવા પાલન અને ઇન્હેલેશન ગુણવત્તાની વિગતો જોવા માટે વધુ નીચે સ્ક્રોલ કરો.



## બેટરી લાઇફ

- એક બદલી ન શકાય તેવી બેટરી વધુમાં વધુ 600 પફ સુધી ચાલે છે, જે ઉપકરણનું કુલ ઉપયોગી આયુષ્ય દર્શાવે છે.

## સલામતીની સાવચેતીઓ

- વિસ્ફોટક પદાર્થોની નજીક ઉપકરણનો ઉપયોગ કરશો નહીં.
- ધૂળ અને કંપનનું સ્તર વધુ હોય તેવા વાતાવરણમાં ઉપકરણનો ઉપયોગ કરશો નહીં.
- ગરમીના સ્રોતોની નજીક ઉપકરણો ન મૂકો.
- ઉપકરણને સૂકી જગ્યાએ સંગ્રહિત કરો.
- ઇલુપીહેલરમાં લિથિયમ બેટરી હોય છે; ઉપયોગ પૂરો થયા પછી સ્થાનિક નિયમો અનુસાર તેનો નિકાલ કરવો જોઇએ.

**1.1. પર્યાવરણીય પરિસ્થિતિઓ:**

તાપમાન શ્રેણી: 10°સે થી 40°સે.
સાપેક્ષ ભેજ શ્રેણી: 20% થી 90%.
વાતાવરણીય દબાણ શ્રેણી: 600 મિલિબાર થી 1060 મિલિબાર.
આ ઉપકરણ ≤ 2,000 મીટરની ઊંચાઈએ કાર્ય કરવા માટે બનાવાયેલ છે.

**1.2. સંગ્રહ:**

તાપમાન શ્રેણી: 5°સે થી 40°સે.
સાપેક્ષ ભેજ શ્રેણી: 5% થી 95%.

**1.3. પરિવહનક્ષમતા.**

તાપમાન શ્રેણી: 5°સે થી 40°સે.
સાપેક્ષ ભેજ શ્રેણી: 5% થી 95%.

## વપરાયેલ પ્રતીકો

| | |
|---|---|
|  | તારીખ સાથે, આ પ્રતીક ઉપકરણની ઉત્પાદન તારીખ દર્શાવે છે. |
|  | આ પ્રતીક વપરાશકર્તાને યોગ્ય ઉપયોગ અંગેની માહિતી માટે ઉપકરણની સૂચનાઓ જોવાનું સૂચવે છે. |
|  | કાનૂની ઉત્પાદક (લ્યુપિન લિમિટેડ) નો સંદર્ભ આપે છે. |
| SN | સીરીયલ નંબર. ઉપકરણનો સીરીયલ નંબર પ્રતીક સાથે હોવો જોઈએ. |
|  | સામાન્ય ચેતવણી ચિહ્ન |
| LOT | બેચ કોડ |
| IP21 | પ્રવેશ સામે રક્ષણ (ઇન્ગ્રેસ પ્રોટેક્શન)<br>IP2X: 12.5 મિલિમીટરથી મોટા ઘન પદાર્થો સામે સુરક્ષિત આઇપીએક્સ1 (IPX1): ઊભી દિશામાં પડતાં પાણીનાં ટીપાં સામે સુરક્ષિત |
|  | એમએલમાં દવાનો ઉપયોગ |
|  | વરસાદથી દૂર રાખો |
|  | નાજુક, કાળજીથી સંભાળો |
|  | તાપમાન મર્યાદા |
|  | ભેજ મર્યાદા |
|  | જો પેકેજ ક્ષતિગ્રસ્ત હોય તો ઉપયોગ કરશો નહીં |
|  | આ તારીખ સુધીમાં ઉપયોગ કરો |

## ચેતવણીઓ

➢ ઇલુપીહેલર ઉપકરણને કાળજીપૂર્વક સંભાળો. ખાતરી કરો કે તે પડી ન જાય. પડી જવાથી ઉપકરણને નુકસાન થઇ શકે છે.

## મહત્ત્વપૂર્ણ નોંધ

➢ ઇલુપીહેલર ઉપકરણના ભાગો છૂટા પાડવાનો પ્રયાસ કરશો નહીં.

➢ એક ઇલુપીહેલર ઉપકરણ ફક્ત એક જ મોબાઇલ સાથે કનેક્ટ કરી શકાય છે.

➢ બેટરી ડિસ્ચાર્જ થયા પછી વપરાશકર્તાએ નવું ઉપકરણ લેવું પડશે.

➢ જો ઉપકરણ મોબાઇલ ફોન એપ્લિકેશન સાથે કનેક્ટ થતું નથી, તો તે બેટરી લેવલ ઓછું હોવાને કારણે હોઇ શકે છે. જો તમે બટનો દબાવો છો ત્યારે વાદળી અને લીલી લાઇટો વારાફરતી ઝબકતી હોય, તો તે આ સ્થિતિ દર્શાવે છે.

## અનુપાલનની આવશ્યકતાઓ

| **સંદર્ભ ધોરણો:** |
|---|
| આઇઇસી (IEC) 60601-1: તબીબી ઉપકરણો: સલામતી અને આવશ્યક કામગીરી માટેની સામાન્ય આવશ્યકતાઓ. |
| IEC 60601-1-2: તબીબી ઉપકરણો: પૂરક ધોરણ: ઇલેક્ટ્રોમેગ્નેટિક સુસંગતતા. |
| આઇએસઓ (IEC) 62304: તબીબી ઉપકરણો - સોફ્ટવેર લાઇફ સાયકલ પ્રક્રિયાઓ. |
| આઇએસઓ (ISO) 14971: તબીબી ઉપકરણો - તબીબી ઉપકરણોમાં જોખમ વ્યવસ્થાપનનું અમલીકરણ. |
| આઇએસઓ (ISO) 13485: તબીબી ઉપકરણો - ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલી. |

## ઇલેક્ટ્રોમેગ્નેટિક સુસંગતતા: IEC 60601-1-2: 2014

| **ઇમ્યુનિટી પરીક્ષણ** | **આઇઇસી (IEC) 60601 પરીક્ષણ સ્તર** | **અનુપાલન સ્તર** |
|---|---|---|
| ઇલેક્ટ્રોસ્ટેટિક ડિસ્ચાર્જ (ઇએસડી / ESD) આઇઇસી (IEC) 61000-4-2 | ±8 કિલોવોલ્ટ (સંપર્ક ડિસ્ચાર્જ), ± 2 કિલોવોલ્ટ, ±4 કિલોવોલ્ટ, ±8 કિલોવોલ્ટ (kV), ±15 કિલોવોલ્ટ (એર ડિસ્ચાર્જ) | ±8 કિલોવોલ્ટ (સંપર્ક ડિસ્ચાર્જ), ± 2 કિલોવોલ્ટ, ±4 કિલોવોલ્ટ, ±8 કિલોવોલ્ટ (kV), ±15 કિલોવોલ્ટ (એર ડિસ્ચાર્જ) |
| આરએફ (RF) રેડિયેટેડ ઇમ્યુનિટી આઇઇસી (IEC) 61000-4-3 | 80 - 2,700 મેગાહર્ટ્ઝ પર 3 વોલ્ટ/મીટર (10 વોલ્ટ/મીટર હોમ હેલ્થકેર), એએમ મોડ્યુલેશન. | 80 - 2,700 મેગાહર્ટ્ઝ પર 3 વોલ્ટ/મીટર (10 વોલ્ટ/મીટર હોમ હેલ્થકેર), એએમ મોડ્યુલેશન. |
| પાવર ફ્રીક્વન્સી મેગ્નેટિક ફિલ્ડ (PFMF) આઇઇસી (IEC) 61000-4-8 | 30 એમ્પિયર/મીટર | 30 એમ્પિયર/મીટર |